### વલસાડ જિ.પં.ની ૩૬ પૈકી ૪ બેઠક બિનહરીફ થતા ૩૨ બેઠક માટે આજે મતદાન, ચૂંટણી માટે સ્ટાફ રવાના થયો

આજે લોકશાહીનો જંગ

# વલસાડ જિ.પં.ની ૩૨ બેઠક માટે ૮,૧૮,૧૩૦ મતદારો

**જિ.પં.ની** ૩૨ બેઠક માટે ૯૨ હરીફ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે

**મતદાન** શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે ૮ આર.ઓ., ૧૧ એ.આર.ઓ., ૬૨૧૭ પોલીંગ સ્ટાફ અને ૩૪૬૦ પોલીસ સ્ટાફ ફાળવાયો



વલસાડ : વલસાડ જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતોની ચૂંટણી માટે શનિવારે ચૂંટણી માટેના સ્ટાફને જે તે બુથ ઉપર રવાના કરવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયતની ૩૨ બેઠકો માટે રવિવારે થનારા મતદાનમાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે મુખ્ય મુકાબલો છે. રવિવારે સવારે સાતથી સાંજે છ વાગ્યા સુધી મતદાન માટે પોલીસ બંદોબસ્ત સાથે બુથ ઉપર સ્ટાફને ઈવીએમ મશીન સાથે મોકલવામાં આવ્યા હતા.

વલસાડ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો પૈકી ૪ બેઠક બિનહરીફ થતા હવે ૩૨ બેઠક પર મતદાન થશે. આ બેઠકો પર કુલ ૯૨ હરીફ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૮ આર.ઓ., ૧૧ એ.આર.ઓ., ૬૨૧૭ પોલીંગ સ્ટાફ અને ૩૪૬૦ પોલીસ સ્ટાફ ફાળવાયો છે. જિલ્લા પંચાયતની કુલ ૩૬ પૈકી ૪ બિનહરીફ થયા બાદ બાકી રહેલી ૩૨ બેઠકો પર યોજાનારી ચૂંટણીમાં ૪૧૩૪૮૮ પુરૂષ, ૪૦૪૬૩૧ સ્ત્રી મતદારો અને ૧૧ અન્ય મતદાર મળી કુલ ૮૧૮૧૩૦ મતદારો પોતાના મત આપી શકશે.

## મનપાના 1,13,095 મતદારો પૈકી 60492 પુરુષ તેમજ 52600 સ્ત્રી મતદારો તથા 3 અન્ય મતદારો વોર્ડમાં મત આપી શકશે

# વાપી મનપાની પહેલી ચૂંટણી માટે આજે 123 બુથ ઉપર મતદાન

**કોઈ** પણ વોર્ડમાં ૧૨થી વધુ ઉમેદવારો નહીં હોવાથી દરેક બુથમાં એક ઈવીએમ ઉપર થશે મતદાન

**વોર્ડ** નં. ૫, ૭, ૧૦ અને ૧૧માં ભાજપ-કોંગ્રેસના ઉમેદવાર વચ્ચે સીધો જંગ

વાપી : વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણી માટે રવિવારે 123 બુથ ઉપર મતદાન થશે. મતદાન માટે શનિવારે તમામ ટીમોને બુથ ઉપર રવાના કરવામાં આવી હતી. વાપી મહાપાલિકામાં તમામ 123 બુથ ઉપર એક એક ઈવીએમ મશીન ઉપર મતદાન થશે. સૌથી વધુ ઉમેદવારો ધરાવતા વોર્ડ ૧૨ માં પણ ૧૨ ઉમેદવાર હોવાથી એક જ ઈવીએમ દરેક બુથ પર રહેશે. એક નોટા સાથે વોર્ડ ૧૨માં ૧૩ બટન રહેશે. જો ૧૪થી વધુ હોય તો બે મશીન મૂકવામાં આવે છે.

વાપી મહાનગરપાલિકાના 1,13,095 મતદારો જે પૈકી 60492 પુરુષ મતદારો તેમજ 52600 સ્ત્રી મતદારો તથા 3 અન્ય મતદારો પોતાના મતાધિકારનો રવિવારે પોતાના વોર્ડમાં મત આપી શકશે.

વાપી મહાનગરપાલિકાની આ ચૂંટણીમાં વોર્ડ નં. ૫, વોર્ડ નં.૭, વોર્ડનં.૧૦ અને વોર્ડ નં.૧૧માં ભાજપ-કોંગ્રેસના ઉમેદવાર વચ્ચે સીધો જંગ છે. અહીં કોઈ અપક્ષ કે આપના ઉમેદવાર નહીં હોવાથી સીધો મુકાબલો છે. જ્યારે વોર્ડ નં.૧૨માં સૌથી વધુ ઉમેદવારો સાથે એએસપીની પેનલ તેમજ કોંગ્રેસના ત્રણ ઉમેદવાર અને ભાજપના ચાર ઉમેદવાર તથા એક અપક્ષ વચ્ચે ત્રિપાંખિયો જંગ છે. વાપી મહાપાલિકાની આ ચૂંટણીમાં 51 બેઠકો ઉપર ચૂંટણી છે જેમાં ભાજપ 51 બેઠકો પર ચૂંટણી લડી રહ્યું છે. જ્યારે 50 બેઠકો ઉપર કોંગ્રેસ ચૂંટણી લડી રહ્યું છે. આમ આદમી પાર્ટી 8 બેઠકો ઉપર ચૂંટણી લડે છે. જ્યારે 7 બેઠકો ઉપર અપક્ષ ઉમેદવારો તેમજ આદિવાસી સેના પાર્ટીના 4 ઉમેદવારો ચણોદમાં મેદાનમાં છે. રવિવારે 120 ઉમેદવારોનું ભાવિ વાપીના મતદારો ઇવીએમમાં કેદ કરશે. ૨૮ એપ્રિલે મતગણતરી થશે.

### દરેક વોર્ડમાં ચાર મત, વોર્ડ-૭માં ત્રણ મત આપવા

વાપી મહાપાલિકાની ચૂંટણીમાં દરેક વોર્ડમાં મતદારે ઈવીએમ મશીનમાં ચાર મત આપવાના રહેશે. ચાર મત બાદ રજિસ્ટ્રેશનનું બટન દાબતા મત રજિસ્ટર થઈ જશે. જ્યારે વોર્ડ નં.૭માં મતદારોએ ત્રણ મત પછી રજિસ્ટ્રેશનનું નીચે બટન આવે છે તે દબાવવાથી મતદાન થઈ જશે.

| વોર્ડ નંબર | પુરુષ મતદારો | સ્ત્રી મતદારો | અન્ય | કુલ મતદારો |
|---|---|---|---|---|
| 1 | 4,314 | 4,104 | 1 | 8,419 |
| 2 | 6,813 | 5,894 | 0 | 12,707 |
| 3 | 4,985 | 3,662 | 0 | 8,647 |
| 4 | 4,282 | 3,625 | 0 | 7,907 |
| 5 | 5,922 | 5,453 | 0 | 11,375 |
| 6 | 5,128 | 4,637 | 0 | 9,765 |
| 7 | 3,595 | 3,589 | 0 | 7,184 |
| 8 | 4,982 | 4,693 | 0 | 9,675 |
| 9 | 4,281 | 4,002 | 0 | 8,283 |
| 10 | 4,730 | 3,904 | 2 | 8,636 |
| 11 | 3,011 | 2,464 | 0 | 5,475 |
| 12 | 4,526 | 3,663 | 0 | 8,189 |
| 13 | 3,923 | 2,910 | 0 | 6,833 |
| કુલ | 60,492 | 52,600 | 3 | 1,13,095 |

# પારડી તા.ની 22-જિ.ની 4 બેઠક માટે EVM સાથે સ્ટાફ તૈનાત

**ચૂંટણી** સમયે 43 માંથી 42 હથિયાર પારડી પોલીસે જમા લીધા

**1 PI**, 3 PSI, 115 પોલીસ, 149 હોમગાર્ડ જવાનો તૈનાત



અમૃત પટેલ

પારડી : સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઇ વિવિધ મતદાન મથકો પર ઇવીએમ મશીન પોલીસ બંદોબસ્ત સાથે રવાના કરવામાં આવ્યા છે. ત્યારે પારડી તાલુકા પંચાયતની 22 અને જિલ્લા પંચાયતની 4 બેઠકો ઉપર 26 એપ્રિલ રવિવારના રોજ મતદાન થનાર છે. જેને લઇ પારડી ડીસીઓ હાઈસ્કૂલ ખાતેથી ચૂંટણી અધિકારી કિરણસિંહ રાણા, આસ્થા સોલંકી, એસ.વી. ભગોરા, પીઆઇ જી.આર. ગઢવીની ઉપસ્થિતિમાં સ્ટાફ કર્મચારીઓ દ્વારા ઇવીએમ મશીન લઈને રવાના કરવામાં આવ્યા હતા. આસ્થા સોલંકીએ જણાવ્યું હતું કે પારડી મતદાર વિભાગમાં 141 બુથ છે, જે માટે 17 રૂટ બનાવવામાં આવ્યા છે. 26 એપ્રિલે સવારે 7 થી સાંજે 6 વાગ્યા સુધી મતદાન કરવાનો સમય છે, જેથી દરેક મતદારોને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. તેમજ 28 એપ્રિલે સવારે 9 વાગ્યાથી ડીસીઓ હાઇસ્કુલ ખાતે આર.ઓ. અધિકારીની હાજરીમાં મતગણતરી હાથ ધરવામાં આવશે. આજરોજ બસ ફાળવણી કરી પોલીસ સ્ટાફના બંદોબસ્ત સાથે કર્મચારીઓને રવાના કરવામાં આવ્યા છે. તેમજ સંવેદનશીલ બુથ ઉપર વધારે પોલીસકર્મીઓ તૈનાત કરી શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા હાથ ધરાય તે માટેની તૈયારીઓ કરવામાં આવી છે. ચૂંટણીના સમયે લાયસન્સવાળા હથિયારની સંખ્યા 43 માંથી 42 હથિયાર પારડી પોલીસે જમા લીધા હતા. જ્યારે પોલીસ બંદોબસ્ત માટે 1 પીઆઇ, 3 PSI, 115 પોલીસકર્મીઓ, 149 હોમગાર્ડ જવાનો સહીત કુલ 281 કર્મચારીઓ ફરજ પર તૈનાત રહેશે.

# ખેરગામ તા.માં 16 બેઠકના 64 બુથ ઉપર મતદાન

**૮ ઝોનલ**, ૬૪ પ્રિસાઈડિંગ, ૬૪ આસિસ્ટન્ટ, ૬૪ પોલિંગ અને ૧૨૫ મહિલા પોલિંગ ઓફિસર ફરજ બજાવશે

ખેરગામ : ખેરગામ તાલુકા પંચાયતની 16 અને જિલ્લા પંચાયતની બે બેઠક માટે રવિવારે મતદાન થનાર છે. જેના માટે ઇવીએમ ચૂંટણી સાધન સામગ્રીનું સેવાસદનથી ૬૪ બુથ માટે વિતરણ કરવામાં આવ્યું હતું.

ખેરગામના ૬૪ બુથ પર ચૂંટણી કર્મચારી સામગ્રી પહોંચાડવા બસ અને કારની ગોઠવણ કરી હતી. ખેરગામ તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકો ઉપર ૪૨ ઉમેદવારો વચ્ચે સીધો જંગ ખેલાઈ રહ્યો છે. જ્યારે જિલ્લા પંચાયતની ૨ બેઠકો માટે ૬ ઉમેદવારો મેદાનમાં છે. આ બેઠકો પર ભાજપ, કોંગ્રેસ અને આપના ઉમેદવારોએ એડીચોટીનું જોર લગાવ્યું છે, તાલુકામાં કુલ ૬૪ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. જેમાં પુરુષ મતદારો ૨૫,૧૫૫, અને સ્ત્રી મતદારો ૨૬,૦૯૦ મળી કુલ ૫૧,૨૪૫ મતદારો ૨ વિવા રે મતદાન કરશે. ચૂંટણી પ્રક્રિયાને પાર પાડવા ૮ ઝોનલ ઓફિસર, ૬૪ પ્રિસાઈડિંગ, ૬૪ આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ઓફિસર, ૬૪ પોલિંગ ઓફિસર અને ૧૨૫ મહિલા પોલિંગ ઓફિસર સહિત ૬૪ પટ્ટાવાળા પોતાની ફરજ બજાવશે. મતદાન શાંતિપૂર્ણમાં હાલમાં યોજાય તે માટે મામલતદાર વિજય પટેલ, નાયબ મામલતદાર ભાવેશ ભાઈ, મિતુલભાઈ, ટીડીઓ, નાયબ ટીડીઓ જીતુ ભાઈ સહિતના સ્ટાફ દ્વારા તમામ તૈયારી પૂર્ણ કરી દેવામાં આવી છે. ઉપરાંત 2 પી.આઈ. 1 પી.એસ.આઈ. 49 પોલીસ જવાનો અને 62 હોમગાર્ડ,જી.આર.ડી. જવાનો ફરજ બજાવશે.



કેરસી બારીયા

# ગણદેવી તાલુકામાં ૭૦,૩૬૬ મતદારોને આવકારવા તંત્ર સજ્જ

**તાલુકા**, જિલ્લા પંચાયત અને ગણદેવી પાલિકાની સ્થાનિક સ્વરાજ ચૂંટણી માટે આજે મતદાન

બીલીમોરા : ગણદેવી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ગણદેવી પાલિકાની ચૂંટણી માટે ઇવીએમ સહિત ચૂંટણી સામગ્રી વિતરણ કરાઈ હતી. જેમાં ૪૪૦ પોલિંગ સ્ટાફ અને ૨૪૪ સુરક્ષા કર્મચારીઓએ વિવિધ ૧૨૧ બુથ ઉપર બપોરે મોરચો સંભાળી લીધો હતો. રવિવારે ૭૦,૩૬૬ મતદાતા ૧૯ ઉમેદવારોનું ભાવિ ઇવીએમમાં કેદ કરશે. જેનું ૨૮'મી એપ્રિલે પરીણામ પ્રાપ્ત થશે. ગણદેવીમાં ચૂંટણી માટે ઇવીએમ સહિત ચૂંટણી સાધન સામગ્રી વિતરણ કરાઇ હતી. તે સાથે ઝોનલ, સહાયક ઝોનલ, પોલિંગ અધિકારી સહિતનો સ્ટાફ બસોમાં હથિયારધારી જવાનો રવાના થયા હતા. જેમાં પાલિકાના એક રૂટ ઉપર ૩૫ પોલિંગ અને ૧૩ પોલીસ, ગણદેવી ૧૬ રૂટ ઉપર ૧૧૬ પોલિંગ મથક, ૪૪૦ પોલિંગ સ્ટાફ અને ૨૪૪ પોલીસે હવાલો સંભાળી લીધો હતો. આ ઉપરાંત સમગ્ર જિલ્લામાં મતદાન કેન્દ્રની સુરક્ષા માટે ૧ પોલીસ વડા, ૦૩ નાયબ પોલીસ વડા, ૨૩ પીઆઈ, ૩૯ પીએસઆઇ, ૭૦૯ પોલીસ, ૧૪૪ ન્યુ એલઆરડી ૯૯૫ હોમગાર્ડ અને એસઆરપીની ૧ કંપનીએ પણ મોરચો સંભાળી લીધો હતો. જેઓ તાલુકાના ૧૯, પાલિકાનાં ૦૨, સંવેદનશીલ સહિત ૧૨૧ બુથો ઉપર ચાંપતી નજર રાખશે. ચીખલી પ્રાંત અધિકારી મિતેષ પટેલ, ગણદેવી મામલતદાર દીપિકા રોઝ ટીડીઓ ચેતન દેસાઇ, પારદર્શી ચૂંટણી પાર પાડવા આખરી ઓપ આપી રહ્યાં છે. વિવિધ શાળામાં સ્ટ્રોંગ રૂમ તૈયાર કરાયા છે.

# ધરમપુરમાં 181 મતદાન મથક પર 905 કર્મચારીઓ, 400 પોલીસ જવાનો તૈનાત

ધરમપુર : ધરમપુરમાં યોજાનારી ચૂંટણીને લઈને તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે. તાલુકામાં 181 મતદાન મથકો ગોઠવાયા છે, જેમાં પ્રિસાઇડિંગ, પોલિંગ સ્ટાફ સહિત કુલ 905 કર્મચારીઓ ફરજ બજાવશે. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આશરે 400 પોલીસ જવાનો તૈનાત રહેશે, જેમાં DYSP, PI, PSI, પોલીસ કર્મચારીઓ તેમજ હોમગાર્ડ-જીઆરડીનો સમાવેશ થાય છે. આ ચૂંટણીમાં 6 જિલ્લા પંચાયત અને 24 તાલુકા પંચાયત બેઠકો માટે મતદાન યોજાશે. સમગ્ર કામગીરી અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે. મતગણતરી માટે લાલ ડુંગરી સ્થિત આદર્શ નિવાસી શાળામાં કેન્દ્ર ગોઠવાયું છે. ચૂંટણી નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

# ઉમરગામ તાલુકા-જિલ્લા પંચાયત અને પાલિકાની 57 બેઠકો માટે આજે મતદાન



ઉમેશ સોલંકી

**ભાજપ**-કોંગ્રેસ સહિત કુલ 102 તથા જિ.પં.ની 7 બેઠક માટે 21 અને પાલિકાની 20 બેઠક માટે 44 ઉમેદવાર મેદાનમાં

ઉમરગામ : ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આજે રવિવારે ઉમરગામમાં તાલુકા જિલ્લા પંચાયત અને નગરપાલિકાની કુલ 57 બેઠકો માટે મતદાન થશે.

ઉમરગામ તાલુકા પંચાયતની કુલ 30 બેઠકો માટે ભાજપ કોંગ્રેસ સહિત કુલ 102 ઉમેદવારો તથા જિલ્લા પંચાયતની 7 બેઠકો માટે 21 ઉમેદવારો અને નગરપાલિકાની કુલ 20 બેઠકો માટે 44 ઉમેદવારો મેદાનમાં છે તાલુકા જિલ્લા પંચાયત માટે કુલ 216 મતદાન મથકો બુથો ઉપર ઉમરગામ નગરપાલિકામાં 19 બુથો ઉપર મતદાન થશે.

દરેક મતદાન મથક ઉપર બુથ ઉપર એક પ્રિસાઇડિંગ, એક આસિસ્ટન્ટ પ્રિસાઇડિંગ, લેડીઝ પોલીસ સહિત પાંચ જણાનો સ્ટાફ રહેશે. સવારે 07:00 વાગ્યાથી સાંજના 06:00 વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તે માટે વહીવટી તંત્રએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે.

# ડાંગમાં પોલિંગ ટીમ અંતરિયાળ વિસ્તારના મથકો ઉપર પહોંચી

**જિ.પં.ની** ૧૮ માટે ૫૨ અને ત્રણ તા.પં. ૪૭ બેઠકો માટે ૧૧૬ ઉમેદવારોની ચૂંટણી યોજાશે

**જિલ્લામાં** ૩૩૭ મતદાન મથકોએ કુલ ૧,૯૩,૫૮૮ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લામાં કુલ ૩૩૭ મતદાન મથકો ઉપર મતદાન યોજાનાર છે. જેમાં કુલ ૯૭૯૩૯ પુરૂષ અને ૯૫૬૪૭ સ્ત્રી મતદારો મળી કુલ ૧૯૩૫૮૮ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. ડાંગ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા નિર્વિઘ્ને સંપન્ન થાય તે માટે ૨૦૩૯ જેટલા પોલીંગ સ્ટાફ અને ૭૧૭ જેટલા પોલીસ સ્ટાફને ડ્યૂટી/તાલીમથી સુસજ્જ કરી દેવામાં આવ્યા છે. જેઓ ૯ જેટલા ચૂંટણી અધિકારીઓ અને ૧૨ જેટલા મદદનીશ ચૂંટણી અધિકારીઓને મદદરૂપ થશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનુ વ્યવસ્થિત સંચાલન કરી શકાય તે માટે આહવા તાલુકાના સરકારી માધ્યમિક શાળા આહવા, વઘઇ તાલુકામાં તાલુકા સેવા સદન વઘઇ ભોંય તળીયુ, પ્રથમ અને બીજો માળ (ડિસ્પેચીંગ) અને તાલુકા સેવા સદન વઘઇ મેદાન (રીસીવીંગ) તેમજ સુબીર ખાતે પણ તાલુકા સેવા સદન સુબીર બીજો માળ જેમાં ડીસ્પેચીંગ અને રીસિવિંગ સેન્ટર ઊભુ કરાયુ છે. જ્યાંથી જુદા જુદા મતદાન મથકો ઉપર પોલીંગ માટેની ટીમ રવાના કરવામાં આવી છે. જિલ્લા પંચાયતની ૧૮ બેઠકો માટે હરીફ ઉમેદવારો ૫૨, આહવા તાલુકા પંચાયતની ૧૫ બેઠકો માટે-૩૨, વઘઈ તાલુકા પંચાયતની ૧૬ બેઠકો માટે-૪૦, અને સુબિર તાલુકા પંચાયતની ૧૬ બેઠકો માટે-૪૪ હરીફ ઉમેદવારો અત્રે નોંધાયા છે. આગામી તા.૨૮/૪/૨૦૨૬ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે. જે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

# ડાંગ જિલ્લામાં શાંતિપૂર્ણ મતદાન માટે ૭૦૦થી વધુ જવાનો તૈનાત

**જિલ્લાના** કુલ ૩૩૭ મતદાન મથકો પર પોલીસ જવાનો સુરક્ષાનું સંચાલન કરશે

**મહારાષ્ટ્રની** સરહદે ગેરકાયદે પ્રવૃત્તિઓ ન થાય તે માટે ૧૦ ઇન્ટર-સ્ટેટ ચેકપોસ્ટ પર ચેકિંગ હાથ ધરાયું



ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાની ચૂંટણીઓને લઈને તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. આ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુથી જિલ્લા પોલીસ વડા પૂજા યાદવના સીધા માર્ગદર્શન હેઠળ સુરક્ષા કડક કરવામાં આવી છે. નાયબ પોલીસ અધિક્ષકો કે.આર. ડિમરી અને જનેશ્વર નલવૈયા સહિતની ટીમો દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે, ચૂંટણી પ્રક્રિયાના ભાગરૂપે EVM મશીનો અને અન્ય મતદાન સામગ્રીનું સુરક્ષિત ડિસ્પેચિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ કામગીરી માટે અને મતદાન મથકો પર સુરક્ષા માટે કુલ ૨૦૩૯ પોલિંગ સ્ટાફ અને ૭૧૭ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. જિલ્લાના કુલ ૩૩૭ મતદાન મથકો પર ૩૨૦ પોલીસ જવાનો, ૩ આર્મ્ડ પોલીસ અને ૩૯૪ હોમગાર્ડ્સ તેમજ GRD ના જવાનો સુરક્ષાનું સંચાલન કરશે. આ ઉપરાંત, ૬૮ રૂટ પર ૭૯ ઝોનલ અધિકારીઓની નિમણૂક કરીને સમગ્ર વ્યવસ્થાને સુદ્રઢ બનાવવામાં આવી છે. મહારાષ્ટ્રની સરહદ સાથે જોડાયેલા ડાંગ જિલ્લામાં નશીલા પદાર્થો કે અન્ય ગેરકાયદે પ્રવૃત્તિઓ ન થાય તે માટે ૧૦ જેટલી ઇન્ટર-સ્ટેટ ચેકપોસ્ટ પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ચૂંટણી બંદોબસ્ત અંગે માહિતી આપતા જિલ્લા પોલીસ વડા પૂજા યાદવે જણાવ્યું હતું કે, ૨૬ એપ્રિલ ૨૦૨૬ ના રોજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાન થનાર છે. સુરક્ષાના ભાગરૂપે અંદાજે ૫૦૦ પોલીસ જવાનો, ૫૫૦ હોમગાર્ડ અને જી.આર.ડી. ના જવાનો તેમજ એસ.આર.પી.ની ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. આપણી ૧૦ ઇન્ટર-સ્ટેટ ચેકપોસ્ટ પણ હાલ કાર્યરત છે.